RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 56 Date: 17.12.2023 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સંસદમાં ૧૩ ડિસેમ્બરે થયેલા સ્મોક હુમલાનું કારણ બેરોજગારી : રાહુલ ગાંધી



નવીદિલ્હી,તા.૧૬

ભારતીય સંસદ પર સ્મોક હુમલાનું કારણ બેરોજગારી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ વાત કહી છે. તેમણે કહ્યુ કે યુવાનોએ બેરોજગારીના કારણે જ સંસદ પર હુમલો કર્યો. તેમણે કહ્યુ કે મોંઘવારીના કારણે આ ઘટના ઘટી. સરકારની નીતિઓના કારણે આ ઘટના થઈ. ભારતીય સંસદમાં શિયાળુ સત્ર ચાલી રહ્યુ છે અને આ વચ્ચે ૧૩ ડિસેમ્બરે બે યુવક અંદર ઘૂસ્યા અને પછી આખા પરિસરમાં પીળો ધૂમાડો ફેલાવી દીધો હતો.

સ્મોક હુમલાથી સાંસદ પણ ભયમાં આવી ગયા. ઘણા એ બૂમો પાડી રહ્યા હતા કે આ ઝેરીલો ધૂમાડો છોડવામાં આવ્યો છે. જોકે, આવુ નહોતુ. સંસદ પર થયેલા આ હુમલા બાદ સુરક્ષાથી જોડાયેલા આઠ કર્મચારીને સસ્પેન્ડ કરી દેવાયા છે. સંસદની સુરક્ષામાં ચૂકની ઘટના પર હવે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યુ, આવુ કેમ થયુ? દેશમાં મુખ્ય મુદ્દો બેરોજગારી છે. પીએમ મોદીની નીતિઓના કારણે દેશના યુવાનોને રોજગાર મળી રહ્યો નથી અને તેની પાછળ શું કારણ છે? રાહુલ ગાંધીએ કહ્યુ કે ઘટનાનું અસલી કારણ બેરોજગારી અને મોંઘવારી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નિવેદન એવા સમયે આવ્યુ છે જ્યારે આરોપીઓના પરિવારના લોકો પોતાના બાળકોનો બચાવ કરી રહ્યા છે. આ મામલે કથિતરીતે માસ્ટરમાઈન્ડ લલિત ઝા ના માતા-પિતાનું કહેવુ છે કે તે અભ્યાસમાં ખૂબ હોશિયાર હતો. તેને ઘણા એવોર્ડ પણ મળ્યા છે પરંતુ તે લાંબા સમયથી નોકરીની શોધમાં હતો. તેને નોકરી મળી રહી નથી.

સંસદ પર સ્મોક હુમલો ૨૦૦૧ના આતંકવાદી હુમલાની વર્ષગાંઠ પર થયો, જેનાથી સુરક્ષા સંબંધિત ચિંતાઓ વધી ગઈ. કથિત રીતે બંને આરોપીઓએ વીઝિટર ગેલેરીથી સદનના વેલમાં કૂદ્યા, જેના કારણે તેમની સૂત્રોચ્ચાર અને રંગીન ધૂમાડો છોડવાની અરાજક સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ. સુરક્ષા અધિકારીઓએ તેમને પકડી લીધા અને તેમની ધરપકડ કરી લીધી. આ સુરક્ષા ઉલ્લંઘનની તપાસ ચાલી રહી છે અને દિલ્હી પોલીસને તપાસમાં સામેલ થવા માટે બોલાવાયા. આ મામલે અત્યાર સુધી ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સંસદની બહાર પણ એક પુરૂષ અને એક મહિલાને આ સ્મોક કેનથી પીળા રંગનો ધૂમાડો છોડવા માટે ધરપકડમાં લીધા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ કે ગૃહમંત્રી સદનમાં નિવેદન આપવા માગતા નથી. તેઓ મીડિયામાં આ મામલે નિવેદન આપી રહ્યા છે પરંતુ સદનને યોગ્યરીતે ચલાવવા માટે સદનમાં બોલતા નથી. સાથે જ કહ્યુ કે તેઓ કોંગ્રેસનું નામ લઈને વોટ માંગે છે, નહેરૂજી અને ગાંધીજીને નિશાન બનાવીને વોટ માંગે છે.સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ કહ્યુ હતુ કે યુવાનોના પરિવાર સાથે જ્યારે મીડિયાએ વાત કરી તો તેમણે જણાવ્યુ કે આ તમામ યુવાનો બેરોજગારીથી દુઃખી હતા, તેથી તેઓ સદનમાં કૂદી ગયા. નોકરી મળી રહી નહોતી તો ગૂંગી-બહેરી સરકારને જગાડવા માટે તે લોકો સદનમાં કૂદી ગયા હતા.આ પહેલા કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ભાજપ સરકાર પર વાસ્તવિક મુદ્દા પરથી ધ્યાન ભટકાવવાનો પ્રયત્ન કરવાનો આરોપ લગાવ્યો અને આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતુ કે ગૃહમંત્રી સદનમાં નિવેદન આપવા તૈયાર કેમ નથી. તેમણે એ પણ કહ્યુ કે તેમાં મૈસૂરુના ભાજપ સાંસદની ભૂમિકા હતી જેમણે ઘૂસણખોરોને વિઝિટર પાસ ઉપલબ્ધ કરાવ્યા હતા. જયરામ રમેશે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આ મામલે તેમની શુ ભૂમિકા છે. સાથે જ કહ્યુ હતુ કે આ સંસદની અવમાનના છે. આ સંસદીય પરંપરાઓની અવમાનના છે. જ્યારે સંસદનું સત્ર ચાલી રહ્યુ હોય તો મંત્રી ક્યારેય પણ ગંભીર મુદ્દા પર સંસદની બહાર આટલા મોટા નિવેદન આપતા નથી. તેઓ સંસદને વિશ્વાસમાં લે છે.

## સબરીમાલા તીર્થયાત્રીઓની બસ અને ઓટો વચ્ચે જોરદાર ટક્કર, ૫ લોકોના મોત

મલપ્પુરમ,તા.૧૬

કર્ણાટકથી સબરીમાલા તીર્થયાત્રીઓને લઈ જતી બસ અને ઓટો વચ્ચે કેરળના મલપ્પુરમમાં જોરદાર ટક્કર થઈ હતી. આ ભયંકર માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. ઓટો ચાલક સિવાય બે મહિલાઓ અને બે બાળકોના મોત થતા અરેરાટી મચી ગઈ હતી.

મૃતકોમાં ઓટો ડ્રાઈવર ઉપરાંત બે મહિલાઓ અને બે બાળકોનો પણ સમાવેશ થાય છે. આ તમામ ઓટોમાં મુસાફરી કરી રહ્યા હતા. તે જ સમયે, કેટલાક લોકો ઘાયલ પણ થયા છે, જેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

આ અકસ્માત થતાં ઘટનાસ્થળે અરેરાટી મચી ગઈ હતી. મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના શુક્રવારે સાંજે લગભગ ૬ વાગ્યે થઈ હતી. જો કે અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી કે આ અકસ્માત બસ અને ઓટો ચાલકના કારણે થયો હતો કે અન્ય કોઈ કારણોસર.આ ભયાનક માર્ગ અકસ્માત પર, મલપ્પુરમ જિલ્લા પોલીસ વડા સસિધરન એસએ કહ્યું કે પોલીસ મોટર વાહન વિભાગ સાથે મળીને આ અકસ્માતની તપાસ કરશે.

## અમે નથી ઈચ્છતા કે ભારત એવો દેશ બને જે સરોગસી આપે છે, દિલ્હી હાઈકોર્ટ

નવીદિલ્હી,તા.૧૬

સરોગસીનો ટ્રેન્ડ સમગ્ર વિશ્વમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ મામલે દિલ્હી હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી છે. દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે એક દંપતીની સરોગસી પ્રક્રિયાના કેસની સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે સરોગસીનું નિયમન કરતો કાયદો શોષણને રોકવા અને ભારતને સરોગસી દેશ બનવાથી રોકવા માટે બનાવવામાં આવ્યો છે. આ કાયદો ફાયદાકારક છે. આ અંતર્ગત કોર્ટે કપલને સરોગસી પ્રક્રિયામાંથી પસાર થવાની મંજૂરી આપવાનો ઈનકાર




કરી દીધો હતો. વાસ્તવમાં કેનેડામાં રહેતા ભારતીય મૂળના દંપતીની અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે આ ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે સરોગસી નિયમો, ૨૦૨૨ ના નિયમ ૭ હેઠળ ફોર્મ ૨ માં ફેરફાર કરીને દાતા સરોગસી પર પ્રતિબંધ મૂકવા માટે સરોગસી (રેગ્યુલેશન) એક્ટમાં સુધારો કરવા માટે કેન્દ્ર દ્વારા ૧૪ માર્ચે જારી કરાયેલ સૂચનાને પડકાર આપવામાં આવ્યો હતો.

આ સંબંધમાં કાર્યકારી ચીફ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મિની પુષ્કર્ણની બેન્ચે કહ્યું કે આ પ્રજનન આઉટસોર્સિંગ પર વિધાનસભા દ્વારા રોક લગાવવી જોઈએ અને સુપ્રીમ કોર્ટના આદેશ પર અમે આનાથી વધુ આગળ વધી શકીએ નહીં. કેસની સુનાવણી કરતી બેન્ચે તેને લાભદાયી પ્રવૃત્તિ ગણાવી હતી અને કહ્યું હતું કે તેનો મુખ્ય ઉદ્દેશ સરોગેટ્સના શોષણને રોકવાનો છે. તેમણે કહ્યું કે ભારત એક વિકાસશીલ દેશ છે. તે હજુ વિકસિત દેશ બન્યો નથી. આર્થિક કારણોસર ઘણા લોકો આ તરફ આકર્ષિત થઈ શકે છે. એક અહેવાલને ટાંકીને, બેન્ચે કહ્યું કે ભારતીય ઉદ્યોગ સંઘે તેના અહેવાલમાં જણાવ્યું છે કે ભારતમાં એક સમયે સરોગસી ઈ૨.૩ બિલિયનનો વ્યવસાય હતો.આ કેસની સુનાવણી દરમિયાન અરજદારના વકીલે કહ્યું કે અરજદાર ભારતીય નાગરિક છે અને માત્ર કામના કારણે કેનેડામાં રહે છે.

## મેડ ઈન ઈન્ડિયા મોબાઈલ ફોનનું ઉત્પાદન ૨૨ ગણું વધ્યું,૧૨ લાખ લોકોને રોજગાર મળ્યો, અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,તા.૧૬

છેલ્લા એક દાયકા દરમિયાન દેશમાં મોબાઈલ ક્રાંતિ આવી ગઈ છે. કેન્દ્રીય માહિતી અને ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે મોદી સરકારના કાર્યકાળમાં દેશની અંદર મોબાઈલ ઉત્પાદનના દરમાં જબરજસ્ત વૃદ્ધિ થઈ છે. તેમને કહ્યું કે ભારતમાં મોબાઈલ ફોનનો ઉત્પાદન દર સતત વધી રહ્યો છે.



કેન્દ્રીય માહિતી અને ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન સતત વધી રહ્યું છે. કેન્દ્રીય મંત્રીએ તેમના સોશિયલ મીડિયા પર શેર કર્યું છે કે છેલ્લા ૯ વર્ષમાં મેડ ઈન ઈન્ડિયા મોબાઈલનું ઉત્પાદન ૨૨ ગણું વધ્યું છે. ૨૦૧૪માં મોબાઈલ ઉત્પાદનની સંખ્યા ૧૮,૯૦૦ કરોડ હતી જ્યારે ૨૦૨૩-૨૪ દરમિયાન આ આંકડો વધીને ૪,૧૬,૭૦૦ કરોડ થઈ ગયો છે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે મેડ ઈન ઈન્ડિયા મોબાઈલ દ્વારા દેશમાં ૧૨ લાખ લોકોને રોજગાર મળ્યો છે. મોબાઈલ ઉત્પાદનમાં વધારાને કારણે લાખો યુવાનોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી મળી છે.

## જે લોકો રમતગમત ક્ષેત્રે છે, તેઓ લાખો ફેન્સના દબાણમાં પણ રમે છે.અમિત શાહ

નવીદિલ્હી,તા.૧૬

ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતને ઓસ્ટ્રેલિયા સામે રમત દરમિયાન હારનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચ જોવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પણ પહોંચ્યા હતા. માત્ર ફાઈનલ જ નહીં અમિત શાહે ભારત-પાકિસ્તાન મેચની પણ મજા માણી હતી.

એક મીડિયાની ઈવેન્ટ વખતે અમિત શાહને વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત શા માટે હાર્યું તેનું કારણ પૂછવામાં આવ્યું હતું. તો તેમણે ખૂબ જ સરળ રીતે જવાબ આપ્યો. અમિત શાહે કહ્યું, 'બહાર રહીને આની ચર્ચા ન કરવી જોઈએ. જે લોકો રમતગમત ક્ષેત્રે છે, તેઓ લાખો ફેન્સના દબાણમાં પણ રમે છે. ક્રિકેટ એક એવી રમત છે જેમાં નસીબ હંમેશા ખેલાડીઓનો સાથ આપે છે.'તેમણે વધુમાં કહ્યું કે, 'ટીમ ઈન્ડિયા સારી રીતે રમી છે અને રમતમાં જીત અને હાર થતી રહેતી હોય છે.' તમને જણાવી દઈએ કે ફાઈનલ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે માત્ર ૨૪૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ આ લક્ષ્યાંક ૪૩ ઓવરમાં હાંસલ કરી લીધો અને છઠ્ઠી વખત વનડે વર્લ્ડ કપ જીત્યો હતો.જો કે ફાઈનલમાં ભારતની હાર બાદ વિપક્ષી નેતાઓએ પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. બાડમેરમાં રેલીને સંબોધિત કરતી વખતે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતની હાર માટે પીએમ મોદીને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, પીએમ એટલે પનોતી મોદી. અમારા છોકરાઓ વર્લ્ડ કપ ખૂબ સારી રીતે જીતી રહ્યા હતા. પરંતુ તેઓનો પરાજય થયો

## ૩૫૦ કરોડથી વધુ રોકડ જપ્ત થવાના મામલામાં હું દરેક વસ્તુનો જવાબ આપીશ : ધીરજ સાહુ

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહુએ દરોડા દરમિયાન મળેલા ૩૫૦ કરોડથી વધુના મામલામાં પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે આ મારા પૈસા નથી અને તેનાથી કોંગ્રેસને કોઈ લેવા દેવા નથી. આવકવેરા વિભાગના દરોડાને લઈને વાત કરતા કહ્યું- જે પૈસા મળી આવ્યા છે, જેમાં કોંગ્રેસ કે અન્ય કોઈ વિપક્ષી દળના કોઈ પૈસા નથી. કારણ વગર બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ધીરજ સાહુએ કહ્યું- આ પૈસા સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ મારા પરિવારના પૈસા છે. અમારો પરિવાર ખુબ મોટો છે તો આ પૈસા તે લોકોના છે. હજુ આવકવેરા વિભાગ તરફથી એવું કહેવામાં આવ્યું નથી કે આ પૈસા ગેરકાયદેસર છે. તેવામાં તેના પર કંઈ કહેવું ઉતાવળ ગણાશે.

## કોંગ્રેસના સ્થાપના દિવસે ૨૦૨૪ માટે શંખનાદ ફૂંકાશે, ૨૮મીએ નાગપુરમાં ૧૦ લાખ કાર્યકરો એકઠા થશે

નાગપુર,તા.૧૬

કોંગ્રેસના સ્થાપના દિવસ પર નાગપુરમાં મેગા રેલી યોજાશે. ૨૮મી ડિસેમ્બરે યોજાનારી આ મેગા રેલીમાં કોંગ્રેસના ૧૦ લાખ કાર્યકરો હાજર રહેશે. આ મેગા રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કોંગ્રેસ વર્કિંગ કમિટીના તમામ સભ્યો હાજર રહેશે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ કેસી વેણુગોપાલે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓ સાથેની બેઠકમાં આ માહિતી આપી હતી.

કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે લોકો કોંગ્રેસની સાથે છે. પાર્ટીની વોટ ટકાવારી વધી રહી છે. આ રાજ્યની ચૂંટણીના પરિણામો પરથી જોઈ શકાય છે. પાર્ટીના નેતાઓને મળ્યા બાદ વેણુગોપાલે કહ્યું કે નાગપુરમાં ભવ્ય રેલીને અમારા પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અન્ય સંબોધિત કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પાર્ટીના નેતાઓએ માંગ કરી હતી કે કેન્દ્રીય નેતૃત્વએ મહારાષ્ટ્ર, ખાસ કરીને વિદર્ભ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જ્યાં પાર્ટી માટે ચૂંટણીની સંભાવનાઓ ઉજ્જવળ છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેએ દાવો કર્યો હતો કે નાગપુર રેલીમાં રાજ્યભરમાંથી ૧૦ લાખથી વધુ કાર્યકરો ભાગ લેશે.

## ગુજરાતમાં ૨૦૨૩માં ટીબીના ૧.૨૯ લાખથી વધુ કેસ નોંધાયા, ઉત્તર પ્રદેશ ૫.૫૧ લાખ સાથે મોખરે

ગુજરાતમાં એક વર્ષમાં જ ટીબીના ૧.૨૯ લાખ કેસ નોંધાયા છે. એક વર્ષમાં ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. રાજ્યમાં ૯ વર્ષમાં ટીબીના ૧૨.૧૯ લાખથી વધુ કેસ નોંધાયા છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૫થી નવેમ્બર ૨૦૨૩ સુધી ટીબીના ૧૨ લાખથી વધુ કેસ નોંધાયા છે. આ ઉપરાંત દર વર્ષે ટીબીના કેસમાં પણ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧માં ટીબીના ૧.૪૪ લાખ જ્યારે વર્ષ ૨૦૨૨માં ૧.૫૧ લાખ કેસ નોંધાયા હતા. સિવિલ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર ટીબીના દર્દીઓમાં થઈ રહેલો વધારો ચિંતાજનક છે. પરંતુ ટીબીના દર્દીઓ માટે સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમાં રાજ્ય અને જિલ્લામાં જ્યાં ટીબીના કેસ વધારે હોય તેને અનુરુપ અલગ-અલગ રણનીતિ બનાવવામાં આવી છે. ટીબીના દદીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે છે. કો-મોર્બિડ વસતી વધુ હોય ત્યાં એક્ટિવ ટીબી કેસ શોધવા માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

## શું કોંગ્રેસ પાસે પૈસા ખૂટ્યાં? દેશભરમાં 'DONATE FOR DESH' ક્રાઉડફન્ડિંગ અભિયાન ચલાવશે

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને ચૂંટણી લડવા માટે પૈસાની જરૂર પડી છે. એટલા માટે જ પાર્ટીએ હવે દેશની પ્રજાની મદદ માગી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે શનિવારે દિલ્હીમાં પાર્ટીના હેડક્વાર્ટર પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા 'ડોનેટ ફોર દેશ' (DONATE FOR DESH) અભિયાન ચલાવવાની જાણકારી આપી હતી.

આ અભિયાન એક ક્રાઉડ ફન્ડિંગ અભિયાન છે. તેની શરૂઆત ૧૮ ડિસેમ્બરથી શરૂ થશે. વેણુગોપાલે દાવો કર્યો કે આ સૌથી મોટું ક્રાઉડફન્ડિંગ અભિયાન હશે. કે.સી.વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસને તેના ઓનલાઈન ક્રાઉડ ફન્ડિંગ અભિયાન ડોનેટ ફોર દેશને લોન્ચ કરવાની જાહેરાત કરતાં ગર્વ થાય છે.

આ પહેલ ૧૯૨૦-૨૧માં મહાત્મા ગાંધીના ઐતિહાસિક તિલક સ્વરાજ ફંડથી પ્રેરિત છે. આ અભિયાનને સત્તાવાર રીતે ૧૮ ડિસેમ્બરે દિલ્હીમાં પાર્ટી અધ્યક્ષ દ્વારા શરૂ કરાશે. અમે આ અભિયાન માટે અમારા રાજ્ય સ્તરના પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ, ડીસીસી અધ્યક્ષો, પીસીસી અધ્યક્ષો અને એઆઈસીસીને પ્રોત્સાહિત કરીએ છીએ.

## તંત્રી લેખ......


# અમેરિકન વિઝાનો નવો માર્ગ

ભેજાબાજો અમેરિકાના વિઝાની જબરદસ્ત માંગનો કેવો અકલ્પનીય ફાયદો ઉઠાવે છે તેનો કિસ્સો સામે આવ્યો છે. અમેરિકન વિઝા ટોપ ફેવરીટ છે, પછી તે ગમે તે વિઝા હોય. અમેરિકામાં વિઝાની એક કેટેગરી છે આ કેટેગરી છે યુ વિઝાની. આ કેટેગરીમાં વિઝા તે આધારે મળે છે કે જો કોઈપણ અમેરિકન નાગરિકથી ઈમિગ્રન્ટ્સને શારીરિક કે નાણાકીય કે માનસિક નુકસાન થયું હોય તો તેની ભરપાઈના ભાગરૂપે તે અમેરિકન સિટિઝન બની શકે છે. આ પ્રકારે અમેરિકન નાગરિક બનાવતી કેટેગરીને યુ વીઝાની કેટેગરી ગણવામાં આવે છે.

હવે ભેજાબાજોએ આ કેટેગરીનો ઉપયોગ બીજાને વિઝા અપાવીને નાણા રળવા કરવા માંડ્યો છે. આવા જ એક કાંડને ગુજરાતીએ અંજામ આપ્યો એટલું જ નહી તે જ તેનો સૂત્રધાર પણ નીકળ્યો. અમેરિકામાં ચાર રાજ્યમાં લૂંટની જુદી-જુદી આઠ ઘટનાની તપાસનો ભેદ એફબીઆઈએ ઉકેલતા તેની ધરપકડ થઈ હતી. લૂંટની આ ઘટનામાં કન્વીનિયન્સ સ્ટોર્સ તેમજ લિકર સ્ટોર્સમાં હથિયારધારી લૂંટારાએ જગ્યા પર કામ કરતાં લોકોને ગન બનાવીને લૂંટ કરી હતી. સામાન્ય રીતે અમેરિકામાં લૂંટ થવી નવાઈ નથી, પરંતુ જ્યારે એફબીઆઈ દ્વારા આ લૂંટની તપાસ શરૂ કરાઈ ત્યારે તેને લૂંટની પેટર્ન શંકાસ્પદ જણાઈ હતી. ચોરી ચાર જુદા-જુદા રાજ્યોમાં થઈ અને તેની લૂંટની પેટર્ન એકસરખી લાગતા એફબીઆઈ ચોંકી ઉઠી હતી અને તેણે સઘન તપાસ શરૂ કરી હતી.આ બનાવટી લૂંટ ચાર રાજ્ય પેન્સિલ્વેનિયા, મેચેચ્યુસેટ્સ, ટેનેસી અન કેન્ટુકીમાં થઈ હતી. તેમાં ગુજરાતી રામભાઈ પટેલ અને બીજા પંજાબી બલવિંદરસિંહની એફબીઆઈએ ધરપકડ કરી છે. બંનેની ઉંમર ૪૦ની આસપાસ છે. આશ્ચર્યની વાત તો એક છે કે આ બધી લૂંટ કરનારો સશસ્ત્ર લૂંટારું પણ એક જ હતો. તેને પાછો એરોપ્લેનમાં ખાસ બોલાવવામાં આવ્યો હતો, તેણે લૂંટ કરી હતી તેના કરતાં બમણી રકમનું તો હવાઈ ભાડું તેને ચૂકવાયું હતું.બનાવટી લૂંટની તપાસ દરમિયાન એફબીઆઈના હાથમાં લૂંટમાં ઉપયોગમાં લેવાયેલી ગન આવી, હવે આ ગન પણ નકલી હતી. તેના પગલે એફબીઆઈએ તપાસ વધુ સઘન કરતા માલૂમ પડ્યું હતું કે વાસ્તવમાં આ લૂંટ લૂંટ જ ન હતી

# ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય, ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત સતત ત્રીજી વાર વધારી વધુ ૬ મહિના લંબાવાઈ

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફી મુદ્દે ખૂબ જ મહત્વનો નિર્ણય લેતા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં વધારો કરાયો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં સતત ત્રીજી વાર વધારો કરતા હવે વધુ છ મહિનાની મુદત લંબાવવાવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી ઈમ્પેક્ટ ફી મામલે અરજી કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાની લોકોની ફરિયાદ હતી અને લાંબા સમયથી ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત લંબાવવનો વિચાર થઈ રહ્યો હતો ત્યારે હવે રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી ની મુદ્દત વધારવા મહત્વનો નિર્ણય કર્યો છે જેમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના લંબાવાઈ છે.



ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં સતત ત્રીજી વખત મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા બે વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદ્દતમાં વધારમાં આવી હતી ત્યારે રાજ્ય સરકારની ધારણા કરતાં ફી ભરવામાં ઓછો પ્રતિસાદ જોવા મળતા શહેરી વિકાસ વિભાગે ઈમ્પેક્ટ ફી ભરવા વધુ છ મહિનાનો વધારો કરવાનું જાહેરનામું બહાર પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે ઈમ્પેક્ટ ફી ભરવાની છેલ્લી તારીખ ૧૭મી ડિસેમ્બર એટલે કે આવતીકાલ સુધી જ હતી

# તમામ પક્ષોની ઓફિસોમાંથી ખુરશી ,ટેબલ, ટિપોઇ હટાવી દો. પછી પાડા ભલે લડે પણ ખુરશીનો તો ખો ન નીકળે!!

ગાંધીનગરનું બિન સતાવાર નામ ખુરશીનગર કે ખુર્શીદાબાદ છે. અહીંના હર ઈમારતની હરેક ઈંચમાં ખુરશીની અનટોલ્ડ અનસંગ હીરો જેવી હીટ કહાની ધરબાયેલી છે. મ્યુઝિકલ ચેરની રમત અહીંથી શરૂ થઇને વિશ્વના ખૂણે ખૂણે કોરોનાની માફક પ્રસરી હશે. ખુરશી ખુરશીની ઋચાનું પઠન કરતા ખુરશીદાસ બહુમતીમાં વસે છે. ખુરશી નાની મોટી હોઇ શકે. ખુરશી ઉંચીનીચી હોઇ શકે. ખુરશી ચાર પાયે ઉભી હોઇ શકે.ખુરશી એક કે બે ટાંગે ઉભી હોઇ શકે. ખુરશી જમીન પર હોઇ શકે. ખુરંસી આસમાનમાં લટકતી હોઇ શકે .ખુરશી ખુરશી પ્લાસ્ટિક કે વુડન હોઇ શકે. કેટલીક ખુરશી ચુલબુલી હીરોઇન જેવી ઝીરો ફિગર હશે.!!!કેટલીક કોમલાંગના તો કેટલીક ડબલાંગના!! અહીં કોઇ ખુરશીને ઉદેશીને એમ ગાતું નથી કે મેરે આંગનેં મેં તુમ્હારા કયાં કામ હૈ??

ખુરશીની અવેજીમાં પણ ખુરશીની માંગ રહે છે. ખુરશીના વિકલ્પે કોઇ બાજઠ કે સ્ટુલથી કામ ચલાવતા નથી. ખુરશી પર બિરાજનારો માજી( માજી એટલે વૃધ્ધા નહીં બચુભાઇ!!)ભૂતપૂર્વ, સેવા અવકાશ કે એકસ થાય છે!! ખુરશી ચિર યોવના છે. સેઇમ ટુ સેઇમ યયાતિ!! ખુરશી વયોવૃદ્ધ કે જૈફ થતી નથી.ખુરશીને મંદી બંદી કદી લાગતી નથી. ખુરશીની કિંમત દિન દુગુના રાત ચૌગુના જેવી અકલ્પનીય કિંમતે વધે છે!! એટલે કોઇ શેખચલ્લીએ સસ્તી ખુરશીની કામના કરવી નહીં!!સસ્તી ખુરશી ચાઇનીઝ પ્રોડકટ જેવી હોય છે. ચલે તો સાલો સાલ તક નહીં તો શામ તક!! તહેવારોમાં સાડીના સેલની જેમ એકની ખરીદી પર એક એકથી વધુ , ફ્લેટ ૫૦ % , ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ સેલ, મહાસેલ, મેગાસેલ, સ્ટોક ક્લિયરન્સ સેલ યોજાતા નથી. જો કે , ક્યારેક ક્યારેક રિસોર્ટમાં પ્રિયુઝડ ખુરશીઓ અકલ્પનીય કિંમત અને કાઇન્ડ શરતોએ ખરીદ કરવામાં આવે છે, જે બીજી ખુરશીના પાયા ઢીલા કરી તેને ધરાશાયી કરવા માટે ઉપયોગી થાય છે!! આપણા દેશમાં લોકશાહી નહીં પણ ખુરશીશાહી છે. ખુરશી વડે, ખુરશી માટે અને ખુરશી થકી ચાલતી પ્રણાલિકા.

ખુરશી આફત લાવે છે. ખુરશી અવસર લાવે છે., ખુરશી થુલીને કંસાર બનાવે છે. ક્યારેક કંસારની થુલી કરી નાંખે છે. જેમ ગોળ વિના ફિક્કો કંસાર હોય છે તેવું કહેવાય છે તેમ ખુરશી વિના ?સમજી જાવને હવે! બધું અમારી પાસે કયાં બોલાવો છો??ખુરશી ફિલ્મોનો પણ હિસ્સો બની ગઇ છે. જેમ કે, કિસ્સા કુર્શી કા! વિમાનમાં સવારી કરો ત્યારે ખુરશી કી પેટી બાંધી રાખવાનું કહેવામાં આવે છે!!

ખુરશી માટે ખુનામરકી આગુ સે ચલી આતી હૈ. બાપ દીકરાની દીકરો બાપની પતિની પતિની કે પતિ પત્નીના લોહીથી પોતાના હાથ રંગવાથી અચકાતા નથી.ખુરશી માટે રમખાણ થાય, કમઠાણ થાય, અથડામણ થાય, સંકડામણ થાય, અકળામણ થાય, પતાવટ થાય, બનાવટ થાય, રખાવટ થાય!! પંકજ ઉધાસે કોઇ કન્યાને ઉદેશીને નહીં પણ ખુરશીને ઉદેશીને "ચાંદી જૈસા રંગ હૈ તેરા, સોના કા કા હાથા, એક તું હૈ ધનવાન ખુરશી બાકી સબ કંગાલ !! "જેવી ગઝલ લલકારી છે!!

જયલલિતા જેવાની ખુરશી જયલલિતા જયાં જતા ત્યાં ખુરશી જેમ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે તેમ જય લલિતાની પ્રદક્ષિણા કરતી હતી. હવે, એ ખુરશીનાં કયા હાલહવાલ થયા એની વિગતો ઉપલબ્ધ નથી!!જૂના જમાનામાં રાજાઓ તેમની રાજકુંવરીને લગ્ન માટે મલ્ટિપલ ચોઇસ મળે તે માટે સ્વયંવર યોજતા હતા. જો કે રાજકુમારો માટે સ્વયંવધૂ સમારોહ યોજવામા આવતા ન હતા. એ બાબત તત્સમયે પુરૂષોનું સ્થાન મહિલા કરતાં ઘણું જ ઊતરતું હતું તેનો દસ્તાવેજી પુરાવો પૂરો પાડે છે!!તમને ખબર છે કે નેતાઓ કમાન્ડોના લાવલશ્કર અને કોન્વોય સાથે દ્રૌપદીના સ્વયંવરમાં કેમ હાજર ન રહ્યા હતા?? કેમ કે, ત્રાજવાના પલડામાં ઉભા રહી પાણીમાં નીચે ફરતી માછલીના પ્રતિબિંબને જોઇ મત્સ્યવેધ કરવાનો હતો. ત્રાજવાના પલડાના બદલે રિવોલ્વિંગ ચેરમાં બેસી મત્સ્યવેધ કરવાનો હોત તો નેતાઓએ પડાપડી કરી હોત!!

આપણે ત્યાં નાની-મોટી માંગણી કે વિરોધ કરવા માટે બંધ હડતાલનું એલાન આપવામાં આવે છે!!તેમાં માંગણી,મુદા સાઇડમાં રહી જાય છે.જાહેર મિલકતનો ખુડદો નીકળી જાય છે. હમણા એક પક્ષમાં કાર્યકરો વચ્ચે ચાના કપમાંના તોફાન જેવું છમકલું થયું. એક બે ઢીમ ઢળ્યા નથી. કોઇને લસરકો પણ થયો નથી. અલબત,થોડીક ખુરશી પર ગેગરેપ થયો હોય ઘટના ઘટી.માનો કે પાપડી ભેગી ઈયળ બફાઇ ગઇ. સૂકા જોડે લીલું બળે છે!! બે પાડા લડે અને ઝાડનો ખો વળી જાય તેવું બન્યું.

તમામ પક્ષોને રાજુ રદી અને અપીલ છે કે પાડાને લડવા દો. તામિલનાડુંમા જલ્લીકટુ અને સ્પેનના બુલ ફાઇટ થાય છે.ત્યાં તમે ખુરશી જોઇ છે??અરે, સંભળાય એમ ના કહો!! તો સમજદાર કો ઈશારા કાફી હૈ!! તમામ પક્ષોની ઓફિસોમાંથી ખુરશી ,ટેબલ, ટિપોઇ હટાવી દો. પાડા ભલે લડે પણ ખુરશીન તો ખો ન નીકળે!!

ભરત વૈષ્ણવ

# શિયાળાનો પ્રારંભ છતાં શહેરમાં યાયાવર પક્ષીઓનો પડાવ નહીં

ગાંધીનગર : આ વખતે ચોમાસામાં વરસાદ પડવાથી શહેરના તેમજ ગ્રામ્ય વિસ્તારના તળાવો તો ભરાઈ ગયા છે પરંતુ ડિસેમ્બર માસ અડધો થઇ ગયો અને ઠંડી પણ શરૂ થઇ ગઇ તેમ છતા ગાંધીનગરમાં દરવર્ષે આવતા વિદેશી ખુદાબક્ષ યાયાવર પક્ષીઓ જોવા મળતા નથી. ગાંધીનગરમાં દર વર્ષે ઘ-૦નું તળાવ અને લવારપુરનું તળાવ યાયાવર પક્ષીઓનું મુકામ ગણવામાં આવતું હતું પરંતુ આવખતે ઠંડી ઘટવાના કારણે ફ્લેમીંગો પક્ષી હજુ સુધી પાટનગરના મહેમાન બન્યા નથી.ગાંધીનગરમાં દર વર્ષે દિવાળીના સમયે 'વેગ ટેઇલ' નામના પંખીઓ સૌથી પહેલાં આવી પહોંચે છે દરવર્ષે દિવાળી ઘોડો', 'યલો વેગટેઇલ', કાશમીરી થરથરો જેવા પક્ષીઓ પાટનગરના ઝાડી ઝાંખરાવાળા



વિસ્તારમાં આવી જાય છે પરંતુ આ વખતે ડિસેમ્બર માસ અડધો થઇ ગયો હોવા છતા યાયાવર પક્ષીઓ શહેરના આકાશ પરથી પસાર થતા કે ગાંધીનગર જિલ્લાના તળાવકાંઠે બેઠેલા જોવા મળતા નથી. આ અંગે પક્ષીવિધ જોડે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, શિયાળાની શરૂઆત ભલે વહેલી શરુ થઇ પરંતુ શરુઆતમાં જોઇએ તેવી ઠંડી પડી ન હતી. વાતાવરણમાં ફેરફારની સાથે પક્ષીઓની વર્તણૂંકમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તેમાં પણ દેશ-વિદેશમાંથી સ્થળાંતર કરીને આવતા યાયાવર પક્ષીઓ તેમજ સ્થાનિક સ્થળાંતર કરતાં અન્ય પક્ષીઓની સંખ્યા ગાંધીનગરમાં આ વખતે દર વર્ષ કરતાં ઓછી જોવા મળી રહી છે.આ વખતે યાયાવર પક્ષીઓની ઓછી સંખ્યા અંગે પર્યાવરણના જાણકારો માની રહ્યાં છે કે,આ વખતે મુંબઈ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભરપુર વરસાદ થવાથી અને ત્યાં ઠંડી શરૃ થઈ જવાથી પક્ષીઓએ સૌરાષ્ટ્રમાં મુકામ બનાવી દીધું છે.ત્યાં તેમને ખોરાક મળવાની સાથે સુરક્ષીત વાતાવરણ પણ મળી રહ્યું છે. આ વખતે ગાંધીનગર તરફ ફ્લેમીંગો પક્ષીઓ પણ દેખાયા નથી જ્યારે કડીના થોળ સરોવર પાસે અત્યારે વિદેશી પક્ષીઓનો મેળાવડો જામ્યો છે તેમ કહી શકાય.

વિદેશી તેમજ અન્ય આંતરિક પ્રાંતોમાંથી વિહાર કરતા પક્ષીઓ સૌરાષ્ટ્ર તરફ વળી ગયા છે ત્યારે આ વિસ્તારમાં તેમને પુરતો ખોરાક અને અનુકૂળ વાતાવરણ મળી રહેવાથી તેઓ ગાંધીનગર તરફ કુચ કરતા નથી.

Very Happy to inform you all that RAMRAJYA YOUTH WING -

# AYODHYA is bringing LORD RAMA'S FOOT-PRINT from SRI LANKA to MADURAI

Very Happy to inform you all that RAMRAJYA YOUTH WING - AYODHYA is bringing LORD RAMA'S FOOT-PRINT from SRI LANKA to MADURAI tomorrow Saturday 16-12-2023.

Arriving at Madurai Airport 3pm.Lord Rama's Footprint ?? will be taken in a Car/ Bike Procession from Air-port to LEELAVATI BHAVAN - West Avani Moola Street - Madurai.

Public can have Darshan and Pooja will be conducted on Lord Rama's ?? Footprint at Leelavati Bhavan from 5 to 8PM.

Lord Rama's




Footprint ?? will be Reaching Ayodhya on January 19th 2024.All are Wel-come with Family Members ?? Anyone interested to join the Procession.,they can come to Madurai Airport at 3PM.

# અંબાજી ખાતે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનુ પરમું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં યોજાયું

યાત્રાધામ અંબાજી ખાતે જી.એમ.ડી.સી ગ્રાઉન્ડમાં તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બર એમ બે દિવસીય ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું પરમુ અધિવેશન યોજાયુ હતું. આ અધિવેશમાં શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા. પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે પધારેલા મંત્રીશ્રીએ આદ્યશક્તિ મા અંબા ચરણોમાં શીશ ઝુકાવી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

આ સંમેલનમાં પધારેલા શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે અર્ક ,તર્ક અને સતત સંપર્કમાં રહેતા આચાર્યશ્રીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધીની સફરમાં વિદ્યાર્થી વર્ગમાં બહુ જ મોટો ફાળો તમારો રહેલો છે. ભારત આજે વિશ્વમાં નવી ઊંચાઈઓ સિધ્ધ કરી રહયું છે. ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવા માટે આપણે બધાએ સાથે રહી એક બીજાના સહયોગથી આગળ વધવું પડશે. સરકાર સમાજના દરેક વ્યક્તિ માટે યોજનાઓ ઘડે છે. સમાજમાં રહેલા દુષણોને મૂળમાંથી ઉખાડી ફેંકવામાં શિક્ષકો બહુ જ મહત્વનું યોગદાન આપી શકે છે. મંત્રીશ્રીએ આચાર્યશ્રીઓને



સર્વિસમા સેવાનો ભાવ રાખી ફરજ નિભાવવા જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આપણે ગ્રાન્ટેડ શાળામાંથી નવી પેઢીનું સર્જન કરી શકવામાં સક્ષમ એવી ગેરેન્ટેડ શાળા બનાવાની છે. આપણે ફક્ત કર્મચારી નહિ, રાષ્ટ્રના નિર્માતા બનીએ. શિક્ષણના હિતમા ,વિદ્યાર્થીના હિતમાં આપની સાથે ચિંતન અને મનન કરી નાના મોટા પ્રશ્નોને આપણે સૌ સાથે મળીને નિરાકરણ લાવીશુ એમ તેઓએ જણાવ્યું હતું.ગુજરાત આચાર્ય સંઘના પ્રમુખ જે .પી પટેલે જણાવ્યું કે આજનો કાર્યક્રમ અભૂતપૂર્વ છે કારણ કે આપણા પડતર પ્રશ્નો માટે આંદોલન વગર નિરાકરણ આવ્યું છે. એ બદલ તેઓએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેઓએ ઉપસ્થિત સૌ આચાર્યશ્રીઓને વિનંતી કરી હતી કે આપણી ફરજ પ્રત્યે હંમેશા નિષ્ઠાવાન રહેવા જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા ડીજીએફટી , ઇસીજીસી અને આત્મીય યુનિવર્સીટીના સહાયયોગ અને યુગાન્ડા ડેલિગેશનની ઉપસ્થિતિમાં રાજકોટના આંગણે યોજાઈ ગયો

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા ડીજીએફટી , ઈસીજીસી અને આત્મીય યુનિવર્સીટી ના સહાયયોગ અને યુગાન્ડા ડેલિગેશન ની ઉપસ્થિતિ માં રાજકોટના આંગણે યોજાઈ ગયો નિકાસલક્ષી સેમિનાર યુગાન્ડા - ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી ના મિસિસ. ગેટ્રૂડે લુતાયા કાતેસા, યુગાન્ડા એમ્બેસેડર માર્ગરિટ લુસી ક્યોગીરે, તોમિલ ગ્રુપ યુગાન્ડા ના શ્રી સંજીવ પટેલ, જોઈન્ટ ડીજીએફટી શ્રી રોહિત સોની અને શ્રી વિકાસ કુમાર પાર્શદ (ઈસીજીસી), શ્રી આનંદ મીરાણી, શ્રી વિશાલ ગોહેલ , શ્રી કેતન ચાંગાણી દ્વારા નિકાસલક્ષી માર્ગદર્શન આપવામાં આવેલ.સૌરાષ્ટ્ર ને આગવી આંતરરાષ્ટ્રીય ઓળખ આપવા સતત પ્રયત્નશીલ અને નિકાશ વેપાર માં સૌરાષ્ટ્ર વધુ આગળ વધે તેને અનુલક્ષીને સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા વિદેશી પ્રતિનિધિમંડળો ને નિમંત્રિત કરીને સતત કાર્યક્રમો યોજવામાં આવે છે.

ગત તારીખ ૧૦ - ૧૨ - ૨૦૨૩ ના રોજ આવાજ એક એક્સપોર્ટર્સ કોન્કલેવ: નું આયોજન યુગાન્ડા ડેલિગેશન ની ઉપસ્થિતિમાં આત્મીય યુનિવર્સીટી ના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવલ હતું. આ કોન્ક્લેવમાં શ્રી પરાગભાઈ તેજૂરા પ્રમુખ, શ્રી રોહિત સોની (જોઈન્ટ ડીજીએફટી), શ્રી વિકાસ કુમાર પાર્શદ (ઈસીજીસી), શ્રી વિશાલ ગોહેલ(ઈમ્પોર્ટન્સ ઓફ લોજીસ્ટીકસ), શ્રી કેતન ચાંગાણી(લઈમ ઇન્સ્ટિટ્યૂટ) તેમજ શ્રી આનંદ મીરાની(ઈનોવેટિવ એન્ડ ક્રેએટિવ એપ્રોચ ટુ ઈન્ટરનેશનલ બિઝનેસ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. યુગાન્ડા આફ્રિકાની અંદર ઈન્વેસ્ટમેન્ટ તેમજ નિકાસ થઈ શકે તેને અનુલક્ષીને માર્ગદર્શન પણ આપવામાં આવેલું હતું જેમાં યુગાન્ડા ઈન્વેસ્ટમેન્ટ



ઓથોરિટી ના મિસિસ. ગેટ્રૂડે લુતાયા કાતેસા તેમજ યુગાન્ડા ના ભારત ખાતેના એમ્બેસેડર માર્ગરિટ લુસી ક્યોગીરે, તોમિલ ગ્રુપના શ્રી સંજય પટેલ વગેરે એ ત્યાં રહેલ તકો વિષે વિસ્તૃત માહિતી આપેલ હતી . આફ્રિકામાં કેવી રીતના નિકાસ થઈ શકે તેમજ ત્યાં આગળ ફૂડ પ્રોસેસિંગ તેમજ મશીનરીના પ્લાન્ટ લાગી શકે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. સાથે કેટલા ટેક્સ બેનિફિટ છે તેમજ એક્સપોર્ટ કરવાથી શું ફાયદાઓ થઈ શકે છે, એ માટે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. સાથે યુગાન્ડા ની અંદર સૌરાષ્ટ્ર વાસીઓ પોતાની પ્રોડક્ટ નું માર્કેટિંગ કરી શકે તે માટે ૧ લાખ સ્ક્વેર ફીટ મા મોલ બનાવવાનું પણ નક્કી કરવામાં આવેલ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO: 170
પ્રકારઃ અછાંદસ પદ્ય કૃતિ
વિષય : નસીબ
શીર્ષક : રામ રાજય
લેખકનું નામ : વિનયકુમાર મહેતા. (બારડોલી).

જ રામરાજ્ય જ

રાવણની લંકામાં જે -
અનિંદિતા રહી તે સીતાને
અયોધ્યાએ નિંદિત કરી !

લંકા પર વિજય મેળવનાર શ્રીરામ
અયોધ્યામાં હારી ગયા !

વનના વાનરોએ જેને
સાથ આપ્યો
પોતાના પ્રભુ માન્યા
એજ પ્રભુ શ્રીરામને
ઘર આંગણે પોતાના ના મળ્યા !

એથી જ તો -
શ્રીરામને થયું કે :
હવે હું સીતાને શું મોઢું બતાવું ?

ગમગીન રામે લક્ષ્મણને બોલાવ્યા
ને, સગર્ભા સીતાને
ફરી વનને સોંપી
ભૂમિજા જો હતી એ !

લક્ષ્મણને દેશનિકાલ કર્યો
ને, પોતે જળ સમાધિ લીધી !
પોતાનું જ રામરાજ્ય
રામને મંજૂર ન હતું !!!!!
ને, આજે ?
લોકોને રામરાજ્ય જોઈએ છે !!!

-- વિનયકુમાર મહેતા. (બારડોલી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0: 171
પ્રકાર (પદ્ય )
વિષય : નસીબ
શીર્ષક : જિંદગી

(રચના)

જિંદગી
----------
પીડા છે પણ પૂર્વગ્રહ નથી
જીવું છું આ જિંદગી

હું તો કાંઈ કર્યું નથી
ઉપદેશ છે આ જિંદગી

કુટુંબ પરિવારની સંગ
વિતાવું છું આ જિંદગી

સહુ કોઈ રાજી થાશે
રૂડી લાગે આ જિંદગી

ભવોભવની ખબર નથી
જાણું છું આ જિંદગી

મીટ માંડીને બેઠા હવે
આશા એ આ જિંદગી

વારસો છે વિચારોનો ‘નંદી‘
નસીબ છે આ જિંદગી

-- ટી.કે.વાઘેલા ‘નંદી‘..હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0: 0038
વિષયઃ- નસીબ
વિભાગ : પદ્ય
શિર્ષક : નસીબ
...................................................................
હસતા હસતા રડાવી જાય
રડતા રડતા હસાવી જાય,
આ નસીબ અજીબ ખેલ ખેલી જાય....

સૂકા રણમાં હરિયાળી ઉગાડી જાય
લીલાછમ બગીચાને ઉજાળી જાય,
આ નસીબ અજીબ ખેલ ખેલી જાય....

રાજા ક્યારેક અહીયા રંક બની જાય
રંક ઘણીવાર ધનવાન બની જાય,
આ નસીબ અજીબ ખેલ ખેલી જાય....

ભેગી કરે દોલત ને બીજા વાપરી જાય
માણસને કર્મોનો હિસાબ અહી મળી જાય ,
આ નસીબ અજીબ ખેલ ખેલી જાય...

??શીલાપટેલ ×આકાંક્ષા×

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0: 174
પ્રકાર : પડી
શીર્ષક : નસીબ ની વાત છે
વિષય : નસીબ

હતો એક દી હું પણ પ્યારો નશીબ નસીબની વાત છે,
આજે બની ગયો નઠારો નસીબ નસીબની વાત છે.

ચમકતો આંજી દેતા પ્રકાશ સમ યાદ કરો એ દિવસો
ભલે રહ્યો આજે ખરતો તારો નશીબ નસીબની વાત છે.

લાગે છે આ કિનારો પણ મઝધારના માતંગ સમ,
હતો કદી મઝધારમાં કિનારો નશીબ નશીબની વાત છે.

પારકા તો પારકા હતા જ પોતાના પણ બન્યા પારકા,
છે આ બરબાદીનો નઝારો નસીબ નસીબની વાત છે.

નસીબમાં હોય એજ મળે દિલાસાની વાતો છે ‘ શાંતિ ‘,
લૂટી જાય છે કોઈ ઠગારો નશીબ નસીબની વાત છે.
- શાંતિલાલ કાશિયાણી
‘ શાંતિ ‘ ( ધ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0:172
પ્રકાર : ગદ્ય
વિષય : નસીબ
શીર્ષક : મહેકે કોણ નસીબ કે મહેનત?

નસીબ એટલે કિસ્મત,ભાગ્ય,લક બધા એને અલગ અલગ શબ્દથી જાણે છે પણ હું કહું છું નસીબ એટલે ચોક્કસ દિશામાં અવિરત કરેલી મહેનતને અંતે મળતું ફળ એટલે નસીબ.

મહેનતનું ફળ તમે ધાર્યું હોય તેવું ને સારું મળે તો તમે સદનસીબ અને ફળ ધાર્યું હોય એના કરતાં ઓછું અને ખરાબ મળે તો તમે કમનસીબ.નસીબના દરવાજા પર મહેનતના ટકોરા મારો તોજ એ ઉઘડતા હોય છે બાકી આપોઆપ કશું થતું નથી..

જન્મના છઠ્ઠા દિવસે વિધાતા આપણું ભાગ્ય લખતા હોય છે એ મુજબ જ બધું જીવનમાં થતું હોય છે એવું આપણે સૌ કોઈએ સંભાળ્યું છે તો પણ આપણે કર્મથી બંધાયેલા છીએ કેમ કે કર્મ કર્યા વગર કશું જ મળતું નથી.

વિદ્યાર્થી આખું વર્ષ ધ્યાન રાખી વાંચે નહી અને રખડપટ્ટી કરે અને પરીક્ષા આવે અને આપવા જાય અને પરિણામ નાપાસ આવે તો એનું એ નસીબ બની જાય અને બધા કહે નસીબમાં હોય એવું થાય પણ એના વિરુદ્ધમાં આખું વર્ષ ધ્યાન રાખી પાસ થવાની દિશામાં અવિરત મહેનત કરી હોય અને પરિણામ સારું આવે તો નસીબ સારું બની જાય..એટલે મહેનત વગર કશું જ નથી..

ઘણીવાર મેં સંભાળ્યું છે લોકો ઘણી મહેનત કરતાં હોય પણ એને એનું ધાર્યું ફળ નથી મળતું હોતું તો બધા કહે એના નસીબમાં નઈ હોય પણ કદાચ એવું પણ બને કે એની મહેનતમાં કચાસ હોય,એની દિશા નક્કી ન હોય,એનું ધ્યેય નક્કી ન હોય,એને ક્યાં પહોંચવાનું છે એ નક્કી ન હોય ઘણાં કારણ હોઈ શકે છે..નસીબ ક્યાંય બનીને નથી આવતું એને મહેનતના બળે આપણે બનાવવાનું હોય છે.જેમ વિચારીએ એ એવું બનતું હોય છે.

એટલે જ નથી કીધું કે જેને તમારી મહેનત નથી જોઈ એ બધા જ તમને નસીબદાર જ કહેશે બાકી જેને તમને જોયા છે મહેનત કરતા રાત દિવસ એક કરતાં કપરી પરિસ્થિતિ સામે ઝઝૂમતા જોયા છે એ તમને ક્યારેય નહી કહે કે તમે નસીબદાર છો તમે મહેનત કરીને આ બધું મેળવ્યું છે.

એટલે જ એક શેર યાદ આવે છે શૂન્ય પાલનપુરી સાહેબનો

કોનો સાથ જીવનમાં સારો
શૂન્ય તમે પોતે જ વિચારો,

મહેનત પાછળ બબ્બે બાહુ
કિસ્મત પાછળ માત્ર હથેળી!!

??પ્રતિક સોની ‘નિશાન‘

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO.175
પ્રકારઃપદ્ય
વિષય : નસીબ
શબ્દોઃ ૮૧

ભાગ્યના ભરોષે

‘ફૂટ્યું મુજ નસીબ‘ના રોદણાં ક્યાં સુધી રોઈશ?
મળ્યું સર્વ સામર્થ્ય નું એનું ગાણું ક્યારે ગાઈશ.

અનોખી ધરતી નો માલિક નહી તું મુસાફિર છે,
રડતો આવ્યો હતો પણ રડતો રડતો ના જઈશ.

સમય પહેલા ને ભાગ્ય થી વધારે કશું મળે નહી,
જીવનસફરમાં જે મળ્યું તું આત્મસંતોષી થઈશ!

જીવી લે મસ્તીમાં માર હડશેલો દુઃખના ભારાને,
દુઃખનો ભાર રહેશે અહીને તું હળવો થઈ જઈશ.

કુદરતના તાલે ચાલે સૃષ્ટિના સઘળા જીવ અહી,
‘સરતાજ‘‘ તું ભાગ્યના ભરોષે ક્યાં સુધી રહીશ.
- કિરીટકુમાર પી.વાઘેલા
(વડોદરા)

# સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૨૧૫નો ઉછાળો: નેચરલ ગેસમાં નરમાઈનો માહોલ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૧૨ ઢીલો, ચાંદીનો વાયદો રૂ.૭૬૩ વધ્યોઃ બિનલોહ ધાતુઓમાં સુધારોઃ કોટન-ખાંડી વાયદો રૂ.૨૪૦ નરમઃ કપાસમાં વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૦૭,૪૧૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭,૨૬,૧૫૩.૬ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૯૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૮થી ૧૪ ડિસેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન ૯૫,૪૬,૪૨૦ સોદાઓમાં કુલ રૂ.૮,૩૩,૬૬૦.૨૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૭,૪૧૧.૧૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૨,૬૧૫૩.૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૦૫,૫૭૯ સોદાઓમાં રૂ.૭૩,૬૧૫.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૫૨૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૮૮૦ અને નીચામાં રૂ.૬૧,૦૦૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૨ ઘટી રૂ.૬૨,૪૫૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૬ ઘટી રૂ.૫૦,૨૯૬ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ વધી રૂ.૬,૧૩૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧ ઘટી રૂ.૬૨,૨૨૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૪,૬૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૫,૩૧૯ અને નીચામાં રૂ.૭૧,૨૩૪ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૬૩ વધી રૂ.૭૫,૦૭૬ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૫૫ વધી રૂ.૭૫,૦૨૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૪૦ વધી રૂ.૭૫,૦૧૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૦,૦૧૮ સોદાઓમાં રૂ.૭,૬૬૩.૦૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૧૫.૩૫ના ભાવે ખૂલી, રૂ.૧૧.૯૫ વધી રૂ.૭૨૭.૧૫ જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૩૫ વધી રૂ.૨૦૦.૪૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૧૫ વધી રૂ.૨૨૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૫૦ વધી રૂ.૨૦૦.૨૦ સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ વધી રૂ.૧૮૪.૨૦ જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩.૯૦ વધી રૂ.૨૨૧.૭૦ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૫૭,૧૫૦ સોદાઓમાં રૂ.૨૬,૦૬૨.૩૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૮૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૦૨૭ અને નીચામાં રૂ.૫,૬૫૮ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૧૫ વધી રૂ.૬,૦૧૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૦૯ વધી રૂ.૬,૦૧૬ બંધ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૬ના ભાવે ખૂલી, રૂ.૧૮.૨૦ ઘટી રૂ.૧૯૬.૬૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૧૮.૨ ઘટી ૧૯૬.૮ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૭૦.૨૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૯૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૫૯૫ અને નીચામાં રૂ.૧,૫૯૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૮ વધી રૂ.૧,૫૯૫ થયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૮૦૦ અને નીચામાં રૂ.૫૬,૫૬૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૪૦ ઘટી રૂ.૫૬,૭૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૦ ઘટી રૂ.૯૪૦.૭૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૬,૪૭૪.૭૬ કરોડનાં ૪૨,૮૦૬.૦૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૭,૧૪૦.૭૯ કરોડનાં ૬,૪૨૭.૪૩૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૧,૫૯૨.૪૩ કરોડનાં ૧,૯૬,૯૮,૬૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૪૬૯.૯૩ કરોડનાં ૭૨,૫૨,૨૦,૨૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૯૩.૪૬ કરોડનાં ૫૫,૪૩૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૪૦.૮૯ કરોડનાં ૧૩,૧૩૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૩,૮૫૫.૭૨ કરોડનાં ૫૩,૫૪૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૪૭૨.૯૪ કરોડનાં ૧,૧૨,૯૭૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૮.૦૯ કરોડનાં ૩,૧૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫૨.૦૮ કરોડનાં ૫૪૮.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૭૧.૯૬૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૫૭.૨૬૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૨૧૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૬૫૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૦૬૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૫,૧૭૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૦,૩૨,૬૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭,૨૦,૧૩,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૯,૨૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૯૬.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯૫.૪૫ કરોડનાં ૧,૧૮૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૩૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૨૮૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૮૯ અને નીચામાં ૧૫,૮૪૨ બોલાઈ, ૫૪૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૭ પોઈન્ટ વધી ૧૬,૩૧૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૨૬,૧૫૩.૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩,૬૧૯.૫૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૨૫૬.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૨૪,૫૧૮.૨૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૮,૫૬૯.૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# એક વાર મત આપીએ અને પાંચ વરસ મફત ખવડાવે તેવો ઉમેદવાર જોઇએ

ગ્રામ પંચાયતોની ચૂંટણીના જાહેરનામા, પ્રતીકોની યાદી અને ઉમેદવારાના મેનીફ્સ્ટો, વચનપત્રો, સંકલ્પપત્રો અને ગેરંટી કાર્ડ( માનો કે ચૂંટણી કોઇ પ્રોડકટ હોય અને કાયદા મુજબ ગેરંટી કે વોરંટી મળવાપાત્ર હોય અને ભંગના કિસ્સામાં કન્ઝયુમર કોર્ટમાં કલેઈમ ફાઇલ કરી શકાતો ન હોય!!) લઈને રાજુ રદી મારા ઘરે આવ્યો!!

“રાજુ. શું છે? સરપંચનું ફોર્મ બોર્મ ભર્યું છે કે શું?’’ મેં પૂછયું.

“ગિરધરભાઇ. નેતા થઈને પ્રજાની ગાળો સાંભળવી તેના કરતાં પ્રજા થઈ નેતાને ગાળો દેવી સારી. હું જનતા જનાર્દન રહેવા માંગું છું.’’ રાજુએ અગત્યની ઉદ્ઘોષણા કરી. “રાજુ. હમણા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી થઈ તેમાં તને શું મળ્યું?’’ મેં પ્રલોભનકારી સવાલ ફેંક્યો.

“ બુથ લેવલ ઓફિસર મતદાર કાપલી અને પાર્ટીવાળા તેમના સિમ્બોલવાળી કાપલી ભટકાડી ગયા. જેમાં મતદાન કેન્દ્ર નંબર, મતદાર યાદી ભાગ ક્રમાંક વગેરે વિગતો આપી ગયા. તેના સિવાય બાબાજીનું ઠુલ્લું !!’’’’ બીજા લઈ ગયાને અમે રહી ગયાના ભાવ સાથે કહ્યું.

“રાજુ. અંડર ઈવીએમ( ચૂંટણીમાં મતદારોને પ્રલોભન આપવાની રીત રસમો માટે નવું નામાભિધાન!) લાભ મળ્યો હશે? અમે રાજુને પૂછયું.

“ ગિરધરભાઇ . આ તો હરિના માર્ગ જેવું છે. મહીં પડયા તે મહાસુખ માણે, ચોખલિયા લટકી પડે રે લોલ!! સેકટર ૨૨માં પાર્ટીઓના રસોડા ઓપન ફોર ઓલ હતા. મહીનો-દોઢ મહીનો રાત્રે પાઉંભાજી, ભજિયા, સમોસા, ચા-પાણીની જયોફતો ઉડતી હતી તેમાં ડુબકા માર્યા!’’ રાજુએ રહસ્યોદ્ઘાટન કર્યું

“રાજુ.ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે.તેમાં બધા સ્ટેક હોલ્ડરોની પાંચે આંગળી ધીમાં છે. ચૂંટણીતંત્ર બંધારણીય ફરજ અદા કરે છે. ન્યુનતમ ખર્ચ કરે છે. તું નહીં માને પણ ૧૯૫૨માં લોકસભાની ચૂંટણી યોજનાનો કુલ ખર્ચ રૂપિયા ૧૦.૪૫ કરોડ થયેલો હતો. દરેક મતદાર દીઠ માત્ર સાંઇઠ પૈસા ખર્ચ થયેલ હતો .જે ૨૯૧૯માં વધીને રૂપિયા ૭૦૦૦ કરોડ થયેલો હતો ! ઉમેદવારો જીતવા માટે પૈસાનું પાણી કરે. ખાટસવાદિયા મંડપ ડેકોરેશન, ખેસ, બિલ્લા, ચોપાનિયા, કેટરિંગના કોન્ટ્રેકટ મેળવી લાખોપતિમાંથી કરોડોપતિ બનવા ઉધામા કરે. ઉદ્યોગશાળા બધા સાથે રાજકીય સંબંધોની તુલા સમતોલ કરવા ચંદા આપે. મતદારો પાંચ વરસે કિંમતી અને અમૂલ્ય ( કિંમતી અને અમૂલ્ય શબ્દો જ પારસ્પરિક વિરોધાભાસી છે!)મતની ચવાણું, કૂકર, સાડી, રોકડ રકમ, પોટલી( કયાં જમાનામાં જીવો છો, ડયુડ? સુદામાના તાંદૂલની પોટલીની વાત નથી. પોટલી એટલે જાનમ સમજા કરો!!)બીડી, બુમલા ( સૂકી માછલી) સ્વરૂપે કિંમત વસૂલે છે. બધી પાર્ટી પાસેથી વસ્તુ લઈ મત જેને આપવો હોય તેને જ આપે છે. આમ, કરપ્ટ હોવા છતાં આપણી લોકશાહીના મૂળિયા ઉંડા અને મજબુત છે!!’’મેં લોકશાહીનો મહિમા વર્ણવ્યો.

“ ગિરધરભાઇ. ચૂંટણીમાં અને ચૂંટણી પછી મતદારોને સાઇકલ , મંગળસૂત્ર, લેપટોપ, મિકસચર ગ્રાઈન્ડર, મધ્યાહ્ન ભોજન ,વાસણોને સેટ મફત વીજળી આવી પ્રજાલુભાવન યોજનાથી તિજોરી ખાલી કરવામાં આવે તે અંગે સમાજશાસ્ત્રી નારાજગી જાહેર કરે છે, છે પણ કોઇના પેટની આગ ઠારવા માટે દિલચસ્પી દાખવતાં નથી!!’’ રાજુએ વિવાદાસ્પદ મુદો રજૂ કર્યો .

“ ઉમેદવારો દ્વારા પણ જાતજાતના પ્રલોભનો આપવામાં આવે છે. નદી ન હોય ત્યાં પુલ બાંધી આપવો, દરિયો ન હોય ત્યાં જેટી બાંધી આપવી. ઈટાલીની ચૂંટણીમાં એક આમ્રપાલી ( અરે વારાંગના-રુપજિવીની)ઉભી રહેલી. તેણે એવો વાયદો કરેલ કે ચૂંટણી જીતી જઈશ તો તમામને કીસ કરવા દઈશ. આ વાયદો સાંભળી ઘણા લોકોને ઈટાલીની નાગરિક થવાની ખંજવાળ ઉપડી હતી!!અલબત, મતદારોના કમનસીબે તે ચૂંટણી હારી ગઈ હતી. મતદારોના દિલના ટુકડા ટુકડા થઈ ગયા હતા!!’’મેં રાજુને કહ્યું.

“ ગિરધરભાઇ. પસુંજની મુવાડીના મહિલા ઉમેદવારોના સમર્થકોએ મતદારોને ફલાવરના દડાની વહેંચણી કરી છે. ઉમેદવારે શરાબ, તમાકુ , બીડી કે સિગારેટ જેવા નુકસાનકારક વસ્તુના બદલે ઉપયોગી વસ્તુ આપવા સમર્થકોને હાકલ કરેલી’’ રાજુએ ગ્રામ્ય ખબરપત્રીની ભૂમિકા અદા કરી.

“ રાજુ, આપણે એકવાર મત આપીએ અને ઉમેદવાર કમ વિજેતા પાંચ વરસ આપણને ભરપેટ જમાડે તેવા ઉમેદવારો શોધી કાઢ’’ મેં રાજુને અલ્ટીમેટમ આપ્યું. રાજુ રદી પગ પછાડતો તેના ઘરે જતો રહ્યો.

ભરત વૈષ્ણવ

# વર્ષોથી દેહ વ્યાપાર કરતી મહિલાઓએ સંકલ્પ કર્યો,બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર, મહીલા ટીડીઓ અને સામાજિક સંસ્થાનો પ્રયાસ ફળ્યો



## વાડિયાની મહિલાઓએ અંબાજી મંદિરમાં આવીને સંકલ્પ કર્યો હવે દેહ વ્યાપાર કરીશું નહીં અને અગરબત્તી બનાવીને રોજગારી મેળવીશુ

સમગ્ર ગુજરાતમાં એક એવું ગામ આવેલું હતું જે દેહ વ્યાપારથી બદનામ હતું અને જેનું દુષણ ગુજરાતીઓ માટે તકલીફ આપનારું હતું જે માટે તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ થી લઈને અત્યાર સુધી વિવિધ નેતાઓએ અધિકારીઓએ સામાજિક સંસ્થાઓએ ઘણા પ્રયાસ કર્યા હતા પરંતુ તે પ્રયાસ સફળ થયા ન હતા અને આ ગામ વર્ષોથી દેહ વ્યાપાર વેપાર કરતું હતું. પરંતુ થરાદ ખાતે થોડા સમય અગાઉ જે મહિલા તાલુકા વિકાસ અધિકારી આવ્યા અને તેમને એક સંકલ્પ કર્યો કે હમારા જે વિસ્તારમાં જે ગામ છે તે ગામમાં આ બદી કાયમી ધોરણે બંધ થાય તે માટે તેમને બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર અને સામાજિક આગેવાનો દ્વારા એનજીઓ દ્વારા સખી મંડળ દ્વારા આ મહિલાઓને સમજાવટ બાદ કાયમી ધોરણે દેહ વેપાર બંધ કરવા માટે અને નવા સંકલ્પ લઈને નવુ જીવન શરૂ કરવા માટે સખીમંડળના પ્રયાસથી અને તમામ લોકોના પ્રયાસથી તેમને આજે અંબાજી મંદિર ખાતે આવીને સંકલ્પ કર્યો હતો અને અગરબત્તી બનાવવાની કામગીરી ચાલુ કરી હતી અને તે કામગીરીથી તેઓ રોજગારી મેળવશે અને નવું જીવન શરૂ કરશેબનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના વાડિયા ગામ જે વર્ષોથી બદનામ હતું અને જે કારણે આ વિસ્તારના લોકોને બદનામી નો સામનો કરવો પડતો હતો અને વિવિધ સામાજિક સંસ્થાઓએ અને રાજ્ય સરકાર દ્વારા આ મહિલાઓ દ્વારા દેહ વ્યાપાર કાયમી ધોરણે બંધ થાય અને નવું જીવન શરૂ કરે અને નવી રોજગારી શરૂ કરે તે માટે પ્રયાસો કરવામા આવ્યા હતા પરંતુ તે પ્રયાસો વર્ષો સુધી નિષ્ફળ રહ્યા હતા. પરંતુ થરાદ તાલુકામાં થોડા સમય અગાઉ મહિલા ટીડીઓ આવે છે અને તેઓ પોતાના તાલુકામાં જ્યાં દૂષણ છે તે કાયમી ધોરણે બંધ કરાવવા માટે પ્રતિજ્ઞા લે છે અને જિલ્લાના કલેક્ટર, ગામના સરપંચ, સખી મંડળો અને વિવિધ એનજીઓ મારફતે તેઓએ ગામની મહિલાઓને સમજાવે છે અને આ મહિલાઓ તે સમજાવટ બાદ અંબાજી મંદિર ખાતે આવે છે અંબાજી મંદિર ખાતે આવીને સંકલ્પ કરે છે કે હવે અમે કાયમી ધોરણે દેહ વ્યાપાર કરીશું નહી અને નવી રોજગારી શરૂ કરીશું અગરબત્તી બનાવીશુંઅગરબત્તી થરાદ તાલુકાના વાડિયા ગામમાં બનાવીને અંબાજી મંદિરમાંઆપીશુંઅનેતેદ્વારા જેઆવક ઊભી થશે તે દ્વારા અમારો પરિવારનો ગુજરાન ચલાવીશું હાલમાં આ ગામની વાત કરવામાં આવે તો આ મહિલાઓના બાળકો અત્યારે ઘણા લોકોએ દતક લીધેલા છે ઘણા બાળકો ભણી રહ્યા છે અને પોતાની નવી જિંદગી શરૂ કરી હતી..

# સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં મતદાર જાગૃતિ પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ



**સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં એન.એસ.એસ. તથા સપ્તધારાની સામુદાયિક સેવાધારાના સંયુક્ત ઉપક્રમે “ યુવા મતદાર મહોત્સવ-૨૦૨૩” અંતર્ગત મતદાર જાગૃતિ પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મતદાન જાગૃતિના સંદેશને વ્યક્ત કરતાં પોસ્ટર વિદ્યાર્થીઓએ ડિઝાઈન કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે ડાભી શિલ્પા બા એસ. દ્વિતીય નંબરે અગ્રવાલ ડિમ્પલ બી. તથા તૃતીય નંબરે ડામોર દિપક બી. વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. મુકેશ કુમાર ગઢવી, પ્રા. ફરહીના શેખ તથા પ્રા. ભૂપેન્દ્રાઈ ચડોખિયાએ ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. એન. કે. સોનારાના માર્ગદર્શનમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તેમજ સામુદાયિક સેવા ધારા કૉ. ઓર્ડીનેટર ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું. સમગ્ર સ્ટાફના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.**

# કુબેરનગર આઈટીઆઈ ખાતે ટેલિકોમ સેકટર સ્કિલ કાઉન્સિલ અને એકવાયન્ટ ગ્લોબલ દ્વારા ફાઈબર ફયુઝન ચેલેન્જ ૨૦૨૩ યોજાઈ

અમદાવાદમાં કુબેર નગર આઈટીઆઈ ખાતે ટેલિકોમ ક્ષેત્રે યુવાનોને સ્કિલ પુરી પાડવા અને ઓપ્ટીકલ ફાઈબર ક્ષેત્રે સ્કિલ મેનપાવર મળી રહે તેવા આશય થી ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ વિભાગ હેઠળની ટેલિકોમ સેકટરની ટેલિકોમ સેકટર સ્કિલ કાઉન્સિલ-ટીએસએસસી અને એકવાયન્ટ ગ્લોબલ દ્વારા કુબેરનગર આઈટીઆઈ ફાઈબર ફયુઝન ચેલેન્જ ૨૦૨૩ યોજાઈ હતી.જેમાં વિજેતાની ઈનામ તશા સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભારત સરકારની કંપની ભારત બ્રોડબેન્ડ નેટવર્ક, બીબીએનએલના, સીજીએમ ,ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે,

ભારત સરકાર દરેક ગ્રામ પંચાયતને હાઈ બેન્ડવીથ બ્રોડબેન્ડ થી જોડવા જઈ રહી છે, તમામ ગામ ઓપ્ટિકલ ફાઈબરથી જોડાવા જઈ રહ્યા છે ત્યારે ઓપ્ટિકલ ફાઈબરના મહત્વ અને તે અંગે રૂચી કેળવવા,જાગવવા માટે આઈટીઆઈના વિદ્યાર્થીઓને




જોડવાનું આ પ્રયાસ હતો તેના ભાગરુપે ટેલિકોમ સેકટર સ્કિલ કાઈન્સિલ અને એકવાયન્ટ ગ્લોબલ દ્વારા એક ઓપ્ટીકલ ફાઈબર સપ્લાઈસીંગ અંગે કોમ્પિટિશન રાખી હતી જે યુવાનોને ટેલિકોમ ક્ષેત્રે નવી રોજગારીની તકો હોવાની સાથે ટેકનોલોજી જ્યારે વિસ્તરી રહી હોય ત્યારે સ્કિલ્ડ મેન પાવર ની સતત જરૂરિયાતને પૂરી પાડવા માટે પણ આ પ્રકારની કોમ્પિટિશન અને સ્કીલ ડેવલોપમેન્ટની હાલના તબક્કે જરૂરી છે. ત્યારે ટેલિકોમ સેક્ટર સ્કિલ કાઉન્સલ અને એક્વાઈન્ટ ગ્લોબલ પ્રાઈવેટ લિમીટેડ આ કોમ્પિટિશન લાવ્યા તે આજના સમયની રોજગારી આપતું ક્ષેત્ર છે.

ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ વિભાગ હેઠળની ટેલિકોમ સેકટરની ટેલિકોમ સેકટર સ્કિલ કાઉન્સિલ અને એકવાયન્ટ ગ્લોબલ દ્વારા કુબેરનગર આઈટીઆઈ ફાઈબર ફયુઝન ચેલેન્જ ૨૦૨૩ યોજાઈ હતી જ્યારે ફાઈબર ઓપ્ટિક નેટવર્કનું વિસ્તરણ અથવા અપગ્રેડ કરવામાં આવે છે,તેવા સંજોગોમાં ઓપ્ટીકલ ફાઈબરને જોડવા કે જેને સપ્લાઈસીંગ કહેવાય છે, તે ખુબ મહત્વનું હોય છે. તે અઁગે કોમ્પીટીશન યોજાઈ હતી જેમાં કુબેર નગર આઈટીઆઈના વિદ્યાર્થીઓ અને ટેલિકોમ ક્ષેત્રે કામ કરતી કંપનીઓએ મોટી માત્રામાં ભાગ લીધો હતો.




**ગુજરત વિદ્યાપીઠ સંચાલિત મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નું સંમેલન સાદરાના ભૂતપુર્વ વિદ્યાર્થી રમેશભાઈ પટેલ ના આમંત્રણથી આનંદપુરા કુકરવાડા ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી મણિશંકર બારૈયાના અધ્યક્ષ સ્થાને યોજાયો. આ પ્રસંગે સ્વર્ગથ ગુરુજનો અને સ્વર્ગસ્થ વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ સહિતના કાર્યક્રમો યોજાયા હતા**

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ (ડાંગ) અને

# GEDA, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઉર્જા સંરક્ષણ ઉપર કાર્યશાળા યોજાઈ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ ખાતે એક દિવસીય “ઉર્જા સંરક્ષણ” ઉપર કાર્યશાળાનું આયોજન કે.વી.કે, વઘઇ, ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી, ગાંધીનગર અને આગાખાન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. નિકુલસીહ. એમ. ચૌહાણ ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી અને ખેડૂતોને વીજળી બચત અને સોલર ઊર્જા નુ ખેતી મા ઉપયોગ પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યશાળા અંતર્ગત વિવિધ વ્યાખ્યાનોનું આયોજન કરી નવસારી તેમજ ડેડીયાપાડાથી વ્યાખ્યાન કર્તાઓને બોલાવવામાં આવ્યા હતા જેમાં ડો. મંજુશ્રી સિંગ,મદદનીશ પ્રાધ્યાપક, ન.મ. કૃષિ મહાવિધ્યાલય, ન.કૃ.યુ.,નવસારી દ્વારા “ગુજરાત ઉર્જા વિકાસ પરિચય અને ઊર્જા કાર્યક્ષમતા” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું ત્યારબાદ ડો. સંદિપ એચ. સેંગર, ઇંચા-પ્રિન્સીપાલ અને ડીન, સી.એ.ઈ.ટી, ડેડીયાપાડા દ્વારા “કૃષિમાં જળ સંરક્ષણનું મહત્વ” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું ત્યારબાદ ડો. આલોક સિંગ, મદદનીશ પ્રાધ્યાપક અને એચ.ઓ.ડી-આર.ઈ.ઈ, સી.એ.ઈ.ટી, ડેડીયાપાડા “સોલાર રૂફટોપ યોજના” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું.

કાર્યશાળામાં ઈલેક્ટ્રીક બાઈક, સોલર સંચાલિત સબમર્સિબલ પંપ તેમજ સોલર આધારિત વિવિધ વસ્તુઓના ડેમો ખેડૂતોને બતાવવામાં આવ્યા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જે.બી.ડોબરિયા તેમજ અન્ય સ્ટાફ દ્વારા લાઈવ વસ્તુઓ બતાવાનો પ્રયત્નો કર્યા હતા. આ કાર્યશાળામાં ૬૭ થી વધારે ખેડૂત ભાઈઓ-બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો અને વીજળી ની બચત અને તેનો યોગ્ય ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. કાર્યશાળા ના અંતે પ્રશ્નોતરી દ્વારા ખેડુતોના સોલર એનર્જી ને લગતા દ્વાર દરેક પ્રશ્નો નો ઉકેલ લાવ્યા હતા.

# આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપનીએ ગુજરાતમાં તેની ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું

હિંમતનગર, મોડાસા, ગુજરાત – ૨૫,૦૦૦ કરોડ એયુએમ સાથે ભારતની સૌથી ઝડપથી વિકસતી હોમ ફાઈનાન્સ કંપનીઓ પૈકીની એક આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની (આઈસીઆઈસીઆઈ એચએફસી)એ તેની વિસ્તરણ યોજનાના ભાગરૂપે ગુજરાતનાં હિંમતનગર અને મોડાસામાં નવી શાખાઓ ખોલી છે. આ આઈસીઆઈસીઆઈ એચએફસીની ગુજરાત રાજ્યમાં ૨૧મી શાખા છે. એકંદરે દેશમાં ૨૦૦ કરતા વધારે શાખાઓ છે. કંપનીનો હેતુ સ્થાનિક લોકોને હોમ લોન્સ, હોમ ઈમ્પ્રુવમેન્ટ લોન્સ, ઓફિસ પ્રિમાઈસીસ લોન્સ અને પ્રોપર્ટી લોન જેવી પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણી પ્રદાન કરવાનો છે.

કંપનીની વિસ્તરણ યોજનાઓ પર પ્રતિક્રિયા આપતા આઈસીઆઈસીઆઈ એચએફસીનાં એમડી અને સીઈઓ અનિરૂધ કામાણીએ કહ્યું કે, “અમે વ્યૂહાત્મક રીતે સમૃદ્ધ હાઉસિંગ બજારો ધરાવતા રાજ્યોમાં અમારી હાજરીને વિસ્તારી રહ્યા છીએ, જ્યાંના રહેવાસીઓ સક્રિયપણે તેમના સપનાના ઘરો માટે વિશ્વસનીય ધિરાણ ઉકેલો શોધી રહ્યા છે. અમારા વ્યાપક નેટવર્ક અને ઉન્નત પહોંચ સાથે, અમે એવા ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવાની અમારી ક્ષમતામાં વિશ્વાસ ધરાવીએ છીએ કે જેઓ તેમના સપનાના ઘરોની માલિકીની ઈચ્છા ધરાવે છે.”નવી શાખાઓ વિવિધ આવકના સ્ત્રોત ધરાવતા ગ્રાહકોને હોમ લોન પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી પૂરી પાડે છે જેમાં પગારદાર કર્મચારીઓ અને સ્વ-રોજગાર વ્યાવસાયિકોનો પણ સમાવેશ થાય છે. આઈસીઆઈસીઆઈ એચએફસી વિવિધ પ્રકારની નવીન હોમ લોન પ્રોડક્ટ્સ પણ ઓફર કરે છે જે વિવિધ પ્રકારની મિલકતોને આવરી લે છે, જે ગ્રાહકોને તેમની વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરવા દે છે.

શ્રી અનિરૂધ કામાણીએ કહ્યું કે, “અમે સમજીએ છીએ કે ઘર ખરીદવું એ એક મોટો નિર્ણય છે અમે અમારા ગ્રાહકો માટે આ પ્રક્રિયાને શક્ય તેટલી સરળ બનાવવા માંગીએ છીએ.”હોમ લોનની સાથે સાથે, નવી શાખાઓ વિવિધ પ્રકારની અન્ય નાણાકીય પ્રોડક્ટ્સ પણ ઓફર કરે છે જેવી કે પ્રોપર્ટી સામે લોન્સ અને હોમ ઈમ્પ્રુવમેન્ટ લોન્સ. આઈસીઆઈસીઆઈ એચએફસી તેનાં ગ્રાહકોને શ્રેષ્ઠ સંભવિત નાણાકીય ઉકેલો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે તથા નવી શાખાઓ કંપનીને ગુજરાતમાં વધારે ગ્રાહકો સુધી પહોંચવામાં સહયોગ કરશે.ગ્રાહકો આઈસીઆઈસીઆઈ એચએફસી હિંમતનગર શાખાની મુલાકાત ૨૦૨, બીજો માળ, શાંતમ-૯, મોતીપુરા સર્કલ, હિંમતનગર, ગુજરાત – ૩૮૩૦૦૧ ખાતે લઈ શકશે અને આઈસીઆઈસીઆઈ એચએફસી મેડાસા શાખાની મુલાકાત નં. ૨૦૩, બીજો માળ, શાંતમ ૧૧, કોટક મહિન્દ્રા બેંક પાસે, શામળાજી રોડ, મોડાસા, ગુજરાત – ૩૮૩૩૧૫ ખાતે લઈ શકશે. શાખાઓ રજાઓ સિવાય સોમવારથી શુક્રવાર અને મહિનાના પ્રથમ અને ત્રીજા શનિવારે સવારે ૯:૩૦થી સાંજના ૫:૩૦ સુધી કાર્યરત રહે છે.

# દૂધ ઉત્પાદન ક્ષેત્રે વાયબ્રન્ટ ગુજરાતઃ દૈનિક ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને ? ૨૦૦ કરોડની ચૂકવણી

ગુજરાત રાજયને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર લઈ જવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નવી ઊર્જા મળી છે. કૃષિ અને બાગાયત તેમજ પશુપાલન ક્ષેત્રે, પ્રાકૃતિક ખેતી અને અદ્યતન ટેક્નોલોજીના માધ્યમથી, આ ક્ષેત્રનો ચહુમુખી વિકાસ થઈ રહ્યો છે. પરિણામે એક સર્ક્યુલર ઈકોનોમીનો ફાયદો રાજયના નાગરિકોને મળી રહ્યો છે અને આજે ડેરી ક્ષેત્રે ગુજરાતનો



ડંકો સમગ્ર વિશ્વમાં વાગી રહ્યો છે. વર્તમાનમાં, ગુજરાતનો ડેરી ઉદ્યોગ એક લાખ કરોડને પાર કરી ગયો છે અને ગુજરાત સહકારી મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ) અંતર્ગત ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને દૈનિક ?૨૦૦ કરોડ ચૂકવવામાં આવે છે. જીસીએમએમએફની અમુલ બ્રાન્ડ આજે વિશ્વવ્યાપી બની છે અને તેના પાયામાં છે, લાખો પશુપાલકોની ખંતપૂર્વકની મહેનત. આવા જ એક પ્રગતિશીલ પશુપાલક છે, આણંદના બોરસદ તાલુકાના ઝારોલા ગામના રહેવાસી જયેશભાઈ શંભુભાઈ પટેલ. ૫૧ વર્ષીય જયેશભાઈ પટેલે ૧૮ વર્ષ સુધી સર્વેયર તરીકે વડોદરા અને મુંબઈમાં નોકરી કરી હતી.

# અમદાવાદની યુવતીની સિદ્ધિ નેચરોપેથીક ડૉકટરની ડિગ્રી મેળવી

મહેશ એલ સોની
નખત્રાણા દ્વારા

અમદાવાદ ખાતે રહેતી તેમજ શિક્ષક તરીકેની ફરજ બજાવતી માનસી પંકજભાઈ સોની એ નેચરોપેથિક ડોક્ટરની ડિગ્રી મેળવી પરિવાર નું તેમજ મારૂ કંસારા સોની સમાજનું ગૌરવ વધાર્યું છે. શિક્ષક તરીકે ફરજ બજાવતી માનસી આર્ટમાં નિપૂણ હોઈ મહેંદી ક્ષેત્રમાં ખૂબ જ નિપુણતા મેળવી છે. માનસીને આ સિદ્ધિ બદલ ઠેર ઠેર થી




અભિનંદન મળી રહ્યા છે.

# સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન સ્કીમની જરૂર નથી,રઘુરામ રાજન

નવીદિલ્હી,તા.૧૬

જૂની પેન્શન સ્કીમનો મુદ્દો ઘણા સમયથી હેડલાઈન્સમાં છે અને તેના પર ચર્ચાઓ છેલ્લા કેટલાક સમયથી ફરી તેજ બની છે. જ્યાં એક તરફ કેન્દ્ર સરકાર અને ભાજપ આ મુદ્દાથી અંતર જાળવી રહ્યા હોય તેવું લાગી રહ્યું હતું, તો બીજી તરફ કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓએ જૂની પેન્શન સિસ્ટમમાં પરત ફરવાનું વચન આપ્યું હતું. ચૂંટણીના પરિણામો ભલે બહાર આવી ગયા હોય, પરંતુ ઓપીએસને લઈને ચર્ચાઓ તેજ છે. હવે ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને આ અંગે કહ્યું છે કે સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન સ્કીમની જરૂર નથી.

આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને એક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે ‘હું માનું છું કે સરકારી કર્મચારીઓ માટે ઓપીએસની જરૂર નથી.’ આ માટે દલીલ કરતા રઘુરામ રાજને કહ્યું કે જે લોકો સરકારી નોકરીમાં છે તેમના માટે કોઈ મોટી સીધી ટ્રાન્સફર કરવાની જરૂર નથી. સરકારી કર્મચારીઓની આર્થિક સ્થિતિ સારી હોય છે.એનડીએની તત્કાલીન અટલ બિહારી વાજપેયી સરકાર દરમિયાન જાન્યુઆરી ૨૦૦૪માં જૂની પેન્શન યોજનાને રદ કરીને નવી પેન્શન યોજના (એનપીએસ) લાગુ કરવામાં આવી હતી. જો આપણે બંને વચ્ચેના તફાવત વિશે વાત કરીએ તો,ઓપીસી હેઠળ, નિવૃત્ત કર્મચારીને તેની નોકરીના છેલ્લા મહિનામાં અડધો પગાર ચૂકવવાની જોગવાઈ હતી અને વ્યક્તિના મૃત્યુ પછી, તેની પત્નીને ૩૦ ટકા પેન્શન આપવામાં આવતું હતું. આ સિસ્ટમ ડિસેમ્બર ૨૦૦૩માં નાબૂદ કરવામાં આવી હતી. એનપીએસમાં કામ કરતી વખતે, કર્મચારીએ દર મહિને તેના પગારના ૧૦ ટકા જમા કરાવવાના હોય છે, આ ડિપોઝિટની સાથે, સરકાર ૧૪ ટકા પણ જમા કરે છે. નિવૃત્તિ પછી, જમા થયેલી સંપૂર્ણ રકમ કર્મચારીને આપવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.